રજૂ કર્યા તારીખ : ૨૬/૧૨/૧૯૯૫

દાખલ તારીખ : ૨૬/૧૨/૧૯૯૫

ફેંસલ કર્યા તારીખ : ૧૨/૦૫/૨૦૨૫

સમય : વર્ષ, માસ, દિવસ.

મહે. ૦૮ માં એડીશ્નલ ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ મધ્યે,

કોર્ટ નં. – ૨૧, અમદાવાદ.

ફોજદારી કેસ નં. :– ૧૬૦૩૨૦૫/૧૯૯૫

આંક – ૧૮

ફરીયાદી :–

શ્રી સ ર કા ર

વિરૂધ્ધ

તહોમતદારો :–

(૧) જીવાભાઈ માલજીભાઈ રબારી, ઉ. વ. – ૬૦,

રહે. સારંગપુર, દોલતખાન, રબારીવાસ, મકાન નં. – ૧૮૧૪ અમદાવાદ.

(૨) વશરામભાઈ વાલાભાઈ રબારી, ઉ. વ. – ૪૫, (એબેટ)

રહે. સારંગપુર, કાપડીવાડના નાકે, જાનકીદાસની વાડી, ઘર નં. – ૧૫૬૧, અમદાવાદ.

(૩) નારાયણભાઈ શિવાભાઈ રબારી, ઉ. વ. – ૨૮,

રહે. સારંગપુર, દોલતખાના નવી પોળ, રબારીવાસ, ઘર નં. – ૧૮૨૮ અમદાવાદ.

(૪) લીલાભાઈ સરતાનભાઈ રબારી, ઉ. વ. – ૩૫, (એબેટ)

રહે. સારંગપુર, દોલતખાના, આબલીવાળુ ફળિયુ, અમદાવાદ.

(૫) જયરામભાઈ બબાભાઈ રબારી, ઉ. વ. – ૪૫, (એબેટ)

રહે. સારંગપુર, દોલતખાના, બાવાની ગલી,

ઘર નં. – ૧૫૨૫, અમદાવાદ.

(૬) બળદેવ ઉર્ફે બદાભાઈ શંકરભાઈ રબારી, ઉ. વ. – ૩૦, (એબેટ)

રહે. સારંગપુર, દોલતખાન, હરિજનવાસ,

જોગણીમાતાના મંદિર પાસે, અમદાવાદ.

(૭) બળદેવભાઈ બબાભાઈ રાબારી, ઉ. વ. – ૨૬, (એબેટ)

રહે. સારંગપુર, દોલતખાના, હજિનવાસ પાસે, ખમણવાળા ડહેલા પાસે,

રબારી વાસ, મકાન નં. – ૧૮૩૬, અમદાવાદ,

(૮) કનુભાઈ ગોવાભાઈ રબારી, ઉ. વ. – ૨૫.(એબેટ)

રહે. સારંગપુર, દોલતખાના, નવી પોળ, રબારીવાસ,

અમદાવાદ,

(૯) રામજીભાઈ પ્રભાતભાઈ રબારી, ઉ. વ.– ૩૯, (એબેટ)

રહે. સારંગપુર, દોલતખાના, નવી પોળ, રબારીવાસ,

મકાન નં. – ૧૮૧૦, અમદાવાદ,

ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૫૩, ૩૩૨, ૩૩૬, ૩૨૩

તથા ધી બોમ્બે પોલીસ એકટની કલમ – ૧૩૫(૧) મુજબ.

-------------------------------------------

**ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી એચ. બી. દેસાઈ**

**તહોમતદારો તરફે કોઈ નહી**

-------------------------------------------

## -:: ચુ કા દો ::-

(૧) આ કામની ફરીયાદની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના તહોમતદારોએ ગેર કાયદેસર મંડળી બનાવી સામાન્ય હેતુ પાર પાડવાના ઈરાદે ફરીયાદી તથા તેમના સ્કવોડના માણસોને તેમની કાયદેસરની ફરજ બજાવતા અટકાવી તથા ફરજમા અવરોધ ઉભા કરી ફરીયાદી તથા તેઓના સ્કવોડના માણસો ઉપર પથ્થરમારો કરેલ. આ સમયે સાહેદ નં. – ૨ ને લાકડીઓથી તા. ૧૦/૧૧/૧૯૯૫ ના સવારના સાડા દશેક વાગ્યેથી પોણા અગિયારેક વાગ્યા સુધીમાં સારંગપુર કોટની સામે મહીપતરામ આશ્રમ સામે કચરાપેટી પાસે જાહેરમા હુમલો કરી ઈજા કરી ગુન્હો કરેલ હોવાની ફરિયાદ ફરિયાદીએ આસ્ટોડીયા પોલીસ સ્ટેશનમાં જાહેર કરતા આ ફરીયાદ ફસ્ટ ગુ. ર. નં. ૧૫૮/૧૯૯૫ – થી ઈ. પી. કો. કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૫૩, ૩૩૨, ૩૩૬, ૩૨૩ તથા બી. પી. એકટની કલમ – ૧૩૫(૧) મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરેલ. આ કામે ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાતાં તહોમતદારો વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૧૭૩ અન્વયે ચાર્જશીટ તા. ૨૬/૧૨/૧૯૯૫ ના રોજ દાખલ કરેલ હતું.

(૨) સદર કામે તહોમતદાર નં. – ૨ તથા ૪ થી ૯ વાળાઓ અવશાન પામેલ હોવાની હકીકતો રહેલ છે. આ કામે તહોમતદાર નં – ૧ તથા ૩ ને સમન્સ / વોરંટ કરતા મળી આવેલ નહી જેથી આંક – ૧ હેઠનો હુકમ કરી તહોમતદારો સામેનો પુરાવો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૯૯ હેઠળ લેવાનું યોગ્ય અને ન્યાયોચીત જણાઈ આવતાં સદર કામની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>-: ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો :-</u>**

૧. આંક - ૦૯ થી તપાસ કરનાર અધીકારીશ્રી સુર્યકાન્ત શંકરલાલ પટેલનો સોગંદ પરનો પુરાવો.

**<u>-: ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :-</u>**

| | | |
|---|---|---|
| ૧. | આંક - ૧૦ | થી ફરીયાદ. |
| ૨. | આંક - ૧૧ | થી રિપોર્ટ |
| ૩. | આંક - ૧૨ | થી ૧૦/૧૧/૯૫ નો પત્ર |
| ૪. | આંક - ૧૩ તથા ૧૪ | થી પંચનામાં. |
| ૫. | આંક - ૧૫ | થી કલમ ઉમેરાનો રીપોર્ટ. |
| ૬. | આંક - ૧૬ | થી સારવાર સર્ટી આપવા પત્ર. |
| ૭. | આંક - ૧૭ | થી મેડીકલ સર્ટી. |

આ કામે અવાર - નવાર પ્રોસેસ કરવા છતા આ કામના ફરીયાદી તથા સાહેદોને સમન્સની બજવણી થઈ શકેલ નહી હોવાથી આ કામે ફરીયાદપક્ષે એ. પી. પી. શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષ નો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં તેમજ હાલનું કામ તહોમતદારની ગેરહાજરીમાં ચલાવવામાં આવતું હોય તહોમતદાર નં - ૧ અને ૩ વાળાનું સી. આર. પી. સી ની કલમ - ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે દલીલો સાંભળવામાં આવી.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારોએ ગેર કાયદેસર મંડળી બનાવી સામાન્ય હેતુ પાર પાડવાના ઈરાદે ફરીયાદી તથા તેમના સ્કવોડના માણસોને તેમની કાયદેસરની ફરજ બજાવતા અટકાવી તથા ફરજમા અવરોધ ઉભા કરી ફરીયાદી તથા તેઓના સ્કવોડના માણસો ઉપર પથ્થરમારો કરેલ. આ સમયે સાહેદ નં. - ૨ ને લાકડીઓથી તા. ૧૦/૧૧/૧૯૯૫ ના સવારના સાડા દશેક વાગ્યેથી પોણા અગિયારેક વાગ્યા સુધીમાં સારંગપુર કોટની સામે મહીપતરામ આશ્રમ સામે કચરાપેટી પાસે જાહેરમા હુમલો કરી ઈજા કરી ઈ. પી. કો. કલમ - ૧ ૪૩, ૧૪૭, ૧૪૮, ૩૫૩, ૩૩૨, ૩૩૬, ૩૨૩ તથા બી. પી. એકટની કલમ - ૧ ૩૫(૧) મુજબ નો સજાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓનો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**- :: કારણો :: -**

**મુદા નં - ૦૧ ના કારણોની ચર્ચા :-**

**(૭)** આ કામે આંક - ૦૯ થી તપાસ કરનાર અધીકારીશ્રી સુર્યકાન્ત શંકરલાલ પટેલ સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તા. ૧૦/૧૨/૧૯૯૫ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશનમાં પી. એસ. આઈ. તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે પી. આઈ. રૂબરૂની ફરીયાદ લઈ ગુનો દાખલ કરી સાહેદોના નિવેદન લીધેલ. તહોમતદારને અટક કરેલ સાહેદને સારવાર માટે મોકલેલ અને એક તહોમતદાર પકડાયેલ તેના રીમાન્ડ લીધેલ તેમજ તહોમતદારને અટક કરેલ તહોમતદારને સારવાર માટે મોકલેલ અને એક તહોમતદાર પકડાયેલ તેના રીમાન્ડ લઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી ગુનામા વપરાયેલ લાકડી અને પથ્થર કબજે કરી મુદ્દામાલ પાવતી ફડાવી અન્ય

તહોમતદારોને પકડવા આઠ તહોમતદારોના નામ ખુલેલા. એફ. આઈ. આર. મા ઉમેરો કરવા રીપોર્ટ કરેલો. મુદ્દામાલ લાકડી બે રજુ કરી મુદ્દામાલ પાવતી ફડાવેલ. સારવાર સર્ટી આવતા આર્જશીટ કરવામાં આવેલ. તહોમતદારને ઓળખી શકે નહી. ફરીયાદીએ ફરીયાદ આપેલ જે અસલ ફરીયાદમાં પો. ઈ. આસ્ટોડીયા પોલીસ સ્ટેશનની સહી ઓળખી બતાવી આંક – ૧૦ થી રજુ રાખેલ છે. તેમજ પી. એસ. ઓ. દ્વારા ગુનો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ તેઓના તરફ મોકલવામા આવતા ચાર્જ અમલદારનો ૧૫૭ રીપોર્ટ આંક – ૧૧ થી રજુ રાખેલ છે. સદર કામે તપાસના કામે પો. સ. ઈ. આસ્ટોડીયા પોલીસ સ્ટેશનવાળાઓને હાલના ફરિયાદીના ડીપાર્ટમેન્ટ અધિકારીશ્રીએ આગળની કાર્યવાહી કરવા સંદર્ભે તા. ૧૦/૧૧/૯૫ ના રોજ પત્ર લખવામા આવેલ જે આંક – ૧૨ થી રજુ રાખેલ છે. સદર કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ હતું. બનાવના ગુનામા વપરાયેલ હથિયાર કબજે કર્યાનું પંચનામું તેઓએ કરેલ હતું. જે આંક – ૧૩ તથા ૧૪ થી રજુ રાખેલ છે. તા. ૧૮/૧૧/૯૫ ના રોજ અન્ય તહોમતદારોના નામ ખુલવાથી કલમ – ૧૪૨ નો ઉમેરો કરવા રીપોર્ટ કરેલ તે આંક – ૧૫ થી રજુ રાખેલ છે. તપાસના કામે ઈજા પામનારના સારવાર કરાવવા તથા ઈન્જરી સર્ટી મેળવવા તજવીજ કરી મેળવેલ હતા જે આંક – ૧૬ તથા ૧૭ થી રજુ રાખેલ છે. ત્યારબાદ તહોમતદારો વિરુધ્ધ પુરતો પુરાવો હોવાથી ચાર્જશીટ કરેલ. તહોમતદારને જોએ ઓળખી શકે. આ સાહેદની તહોમતદાર તરફે કોઈ હાજર નહી હોવાની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૮) સદર કામે મુળ ફરીયાદી સાહેદ તથા અન્ય સાહેદોને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ પરંતુ તેવા સાહેદો હવે જણાવેલ સરનામે રહેતા ન હોય તેમના સમન્સ વગર બજે પરત આવેલ છે. આ હકીકતોએ આ કામે મહત્વના સાહેદોને તપાસી શકાયેલ ન હોવાની હકીકતોએ આ કામે ફરીયાદ પક્ષ પોતાના કેસની હકીકતો સાબિત કરવામાં સફળ થતા હોવાનું જણાઈ આવતું નથી. આ કામે અન્ય કોઈ સાહેદો તપાસવામાં આવેલ નહી હોવાની હકીકતોએ ફરીયાદ પક્ષની હકીકતો સાબિત થઈ શકેલ હોવાનું જણાઈ આવતું નથી.

(૯) આ કામે તપાસ કરનાર અધીકારીશ્રી જે પુરાવો રજૂ રાખી રહેલ છે તે પુરાવાની હકીકતોને અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળી શકેલ નહી હોવાની હકીકતો રહેલ છે. આ કામે કહેવાતો બનાવ જે કોઈ સાહેદની સાથે બનેલ છે તેવા મહત્વના સાહેદોને તપાસવામાં આવેલ

નહી હોવાની હકીકતોએ આ કામે ફરીયાદ પક્ષે પોતાની હકીકતો નિ:શંકપણે સાબિત કરેલ હોવાનું માની શકાય તેવી પુરાવાની સ્થિતિ જણાઈ આવતી નથી. આ હકીકતોએ આ કામના તહોમતદારોને આ ગુનાના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજૂ કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું માનવાને કારણ જણાઈ આવતું નથી.

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષ તેમનો કેસ તેમણે રજુ કરેલા પુરાવાઓથી નિ:શંકપણે સાબિત કરી શકેલા નથી. વધુમાં આ કામના તહોમતદારો મળી આવતા નથી. નામદાર મહેરબાન ગુજરાતની વડી અદાલત દવારા પણ સરકયુલર બહાર પાડી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૯૯ અને ૩૫૩(૬)ના પ્રબંધોનો તેના ઉદ્દેશ અનુસાર ઉપયોગ કરવા માટે સૂચનાઓ આપવામાં આવેલી છે. હાલનો કેસ – ૧૯૯૫ ની સાલનો છે, આ કામે તહોમતદારો સામે એવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેના આધારે તેઓને તકસીરવાન ઠરાવી શકાય. આમ, જયારે તહોમતદારો સામે તેઓને નિ:શંકપણે તકશીરવાન ઠરાવી શકાય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, ત્યારે ફકત તહોમતદારોની ગેરહાજરીના કારણે આ કેસ પડતર રાખવાથી ન્યાયનો કોઈ હેતુ સરે તેમ નથી અને આ કેસ પડતર રાખવાથી માત્ર કેસોના ભારણમાં વધારો થાય તેમ છે. અદાલતો પર વધતા કેસોના ભારણમાં આવા કેસો પડતર રાખવાથી ખોટો વધારો કરવો ન્યાયોચિત જણાતું નથી. આ તમામ સંજોગોમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૩૫૩(૬) અનુસાર તહોમતદારો સામેનો કેસ ફેંસલ કરવો ન્યાયના વિશાળ હિતમાં જરૂરી જણાઈ આવે છે.

ઉપરોકત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઈ મુદ્દા નંબર – ૧ નો જવાબ ''નકાર'' માં આપી, મુદ્દા નંબર – ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: આખરી હુકમ :: –**

૧. આ કામે આસ્ટોડીયા પોલીસ સ્ટેશનના ગુ. રજી. નં. ৷ – ૧૫૮/૧૯૯૫ ના કામે તહોમતદાર નં. – ૧) જીવાભાઈ માલજીભાઈ રબારી, ઉ. વ. – ૬૦, રહે. – સારંગપુર,

દોલતખાન, રબારીવાસ, મકાન નં. – ૧૮૧૪, અમદાવાદ તથા તહોમતદાર નં – ૩) નારાયણભાઈ શિવાભાઈ રબારી, ઉ. વ. – ૨૮, રહે. – સારંગપુર, દોલતખાના નવી પોળ, રબારીવાસ, ઘર નં. – ૧૮૨૮ અમદાવાદવાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૪૮(૧ ) સાથે વાંચતા ૩૫૩ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૫૩, ૩૩૨, ૩૩૬, ૩૨૩ તથા ધી બોમ્બે પોલીસ એકટની કલમ – ૧૩૫(૧) મુજબનાં શિક્ષાપાત્ર ગુનાઓમાંથી તેઓની ગેરહાજરીમાં શંકાનો લાભ આપી ગુના મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના તહોમતદાર નં – ૨ તથા ૪ થી ૯ વાળા અવશાન પામેલ હોય તેઓના વિરૂધ્ધનો કેસ એબેટ કરવામાં આવે છે.

૨. આ કામના તહોમતદારોએ અગાઉ કરી આપેલ જામીન અને જાતમુચરકા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૪૩૭(એ) મુજબના ગણી લેવામાં આવે છે.

૩. આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. – ૧૨ મી, માહે – મે, સને – ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા. ૧૨/૦૫/૨૦૨૫**
**સ્થળ : અમદાવાદ.**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**૦૮ માં એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં. – ૨૧, અમદાવાદ.**
**કોડ નં – જીજે – ૦૧૦૩૭**

(J P SADAT)